Divya Bhaskar

EDII

December 03, 2021
Page No. 08
(City Bhaskar)

# EDIIએ દિવ્યાંગજનો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન કર્યું



અમદાવાદ | આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્રએ દિવ્યાંજનો માટે રમત-ગમત સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી દિવ્યાંગજનો સહભાગી થયા હતા. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી 64 ટીમો આવી હતી અને ચાર અલગ-અલગ રમતોમાં સામેલ થઈ હતી. આ ચાર રમતો હતી - બેડમિન્ટન, કેરમ, ચેસ અને ટેબલ ટેનિસ. કાર્યક્રમના મુખ્ય અતિથિ 34 ગોલ્ડ, 12 સિલ્વર અને 11 બ્રોન્ઝ વિજેતા પેરા ઓલિમ્પિયન પારુલ પરમાર હતાં, જેમણે કાર્યક્રમની પ્રશંસા કરતા કહ્યું હતું કે, 'આ પ્રકારની રમત-ગમત સ્પર્ધા દિવ્યાંગજનોની દ્રઢતા અને આત્મવિશ્વાસને વધારશે.'